ગાંધીનગર સમાચાર

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં શપથગ્રહણ વિધિ





ગાંધીનગર, તા. ૩
બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતે બી.એસ.સી. નર્સિંગની બિજી બેંચ અને એ.એન.એમ. ની ત્રિજી બેંચની શપથગ્રહણ વિધિ (Oath Taking Ceremony) તાજેતરમાં યોજાઇ હતી. મુખ્ય મહેમાન તરીકે ડૉ. રશ્મીકાંત દવે ડીન, મેડીકલ ફેકલ્ટી, એનાટોમી ડીપાર્ટમેન્ટ, ગુજરાત યુનીવર્સીટી,, ડૉ. જશવંત ઠક્કર સિન્ડીકેટ મેમ્બર અને ડીન ઓફ કોમર્સ ફેકલ્ટી, ગુજરાત યુનીવર્સીટી, વસુધાબેન પ્રજાપતિ ડેપ્યુટી રજીસ્ટ્રાર, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ મુખ્ય મહેમાન તરીકે હાજર હતા. આ પ્રસંગે માનનીય ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા અને ડૉ. રવિ કુમાર, કેમ્પસ ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને નર્સિંગ વ્યવસાયમાં રહેલ ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ મેઘરજીયા એમ.એસ. સર અને કોલેજ ફેકલ્ટી દ્વારા કરવામાં આવેલ હતું. તમામ તાલીમાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ડો. રાજેન્દ્રભાઈ ખીમાણીએ ચારિત્ર ઘડતર પર વાર્તાલાપ કર્યો



ગાંધીનગર, તા. ૩
ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ અને બા-બાપુ ૧૫૦ વર્ષ ઉજવણી પ્રસંગે વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ વ્યાયામ વિદ્યાલય અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના વિદ્યાર્થીઓને ચારિત્ર ઘડતર વિષય પર વાર્તાલાપ કર્યું.

સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા એ મહેમાનોનું સ્વાગત કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટ એ કર્યું.

## બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા નેશનલ સાયન્સ કાર્નિવલ ઈવેન્ટનું મેનેજમેન્ટ

ગાંધીનગર, તા.૩
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી.પી.કૉલેજ ઓફ બિઝ્નેશ ઍડ્મિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓએ કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સંચાલિત નેશનલ સાયન્સ કાર્નિવલ કાર્યક્રમનું મેનેજમેન્ટ શહેરની નામાંકિત બીબીએ કોલેજના ૧૨



ઈવેન્ટ મેનેજમેન્ટ ની તાલીમ મેળવવા અનેક રાજ્યકક્ષાની તેમજ રાષ્ટ્રીય કક્ષા ની ઈવેન્ટનું સંચાલન કરવાનો મોકો મેળવેલ છે. જેમાં ગાંધીનગર આઈ.ટી.એક્સ્પો, ગુજકોસ્ટ, ઈન્ડિયન ડાયસ્પોરા, નોબેલ વિનર્સ સમીટ તેમજ કચ્છ રણઉત્સવ અને ગુજકોસ્ટ તેમજ સાયન્સ સીટી ખાતે આયોજિત અનેક કાર્યકર્મનું સફળતાપૂર્વક મેનેજમેન્ટ કાર્ય કર્યુ હતુ અને આજ કડીના ભાગરૂપે ગુજરાત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને સમગ્ર ઈવેન્ટના મેનેજમેન્ટ બાબતે સાયન્સ સીટી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

મેનજમેન્ટના વિદ્યાર્થીઓને ફક્ત વર્ગખંડમાં રહી પુસ્તકમાં રહેલા મેનેજમેન્ટના કાર્યોની માહિતી જ નહિ પણ ક્ષેત્રમાં જઈ સમગ્ર અભ્યાસનું પ્રાયોગિક અમલીકરણ કરી શકે તેવા પ્રયત્નો કોલેજ દ્વારા હંમેશા કરવામાં આવે છે.સાંપ્રત સમયમાં જયારે મેનેજમેન્ટનું મહત્વ વધતુ જાયછે. અને સમગ્રતયા કોઈપણ ક્ષેત્રને મેનેજમેન્ટ વગર ચલાવી ન શકાય તે બાબત ને નિષ્ણાંતો પણ દ્રઢપણે માનેછે. ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પોર્ટ મેનેજમેન્ટ, હોસ્પીટાલીટી મેનેજમેન્ટ, હોસ્પિટલ, મેનેજમેન્ટ, હોટેલ મેનેજમેન્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટ જેવા અનેક ક્ષેત્રોમાં સુંદર કારકિર્દી ઘડતરના દ્વાર વિદ્યાર્થીઓ માટે ખુલી રહ્યાછે. જેથી વિદ્યાર્થીઓને પણ તે પ્રમાણે તૈયાર કરવા



આવશ્યક બન્યા છે.

કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ એસ.ડી. વોરાની પ્રેરક ઉપસ્થિતિમાં થયો હતો. ત્રણ દિવસીય ઈવેન્ટના પ્રથમ સમારોહમાં ગુજકોસ્ટ ના ડિરેક્ટર નરોત્તમ સાહુ સાહેબની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમજ પુલકેશ પ્રજાપતિ દ્વારા બીબીએના વિદ્યાર્થીઓને સમગ્ર ઈવેન્ટ મેનેજ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સમગ્ર ઈવેન્ટ મેનેજમેન્ટ બાબતે કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્રસિંહ રાઠોડ ડો.આશિષ ભુવા દ્વારા વિદ્યાર્થીઓ સાથે કાર્યક્રમ બાબતે કો-ઓર્ડીનેશન કરી સમગ્ર ઈવેન્ટ ને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા.

## એસ.કે.પટેલ સ્કૂલમાં 'નોન ફાયર કૂકિંગ ડે' ઉજવાયો



ગાંધીનગર, તા. ૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'નોન ફાયર કૂકિંગ ડે' સેલિબ્રેટ કરાયું. જેમાં જુનિયર કે.જી. ના તથા સિનિયર કે.જી. ના બાળકો પોત પોતાના ઘરે થી અલગ અલગ ફૂડ સામગ્રી લઈને આવ્યા હતા. અને સ્કૂલમાં શિક્ષિકાઓએ તે સામગ્રી માથી અલગ અલગ વાનગીઓ બનાવી હતી.જેમ કે ફૂટ સલાડ, પાણિપુરી,ચણા મસાલા ચાટ, બ્રેડ બટર જામ,તથા સેન્ડવિચ જેવી બીજી પણ ઘણી વાનગીઓ બનાવી ને બાળકોને ખવડાવી હતી.તેમાં બાળકોએ ખુબજ ખુશ થઈને બધા સાથે સમૂહ ભોજન કર્યુ હતું.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન'ની ઉજવણી અંતર્ગત 'ફન વિથ કેમેસ્ટ્રી' કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૩
ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમજ મહાન વૈજ્ઞાનિકોની જન્મતીથિની ઉજવણી કરવામાં આવે છે.

આ થીમને અનુસરીને ૨૮મી ફેબ્રુઆરીએ, ૨૦૨૦ને પેથાપુર કન્યા શાળા ખાતે વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ કેમેસ્ટ્રી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્યાઓમાં પણ વિજ્ઞાનમાં રસ-રુચી કેળવાય અને ભવિષ્યમાં તેમને વૈજ્ઞાનિક બનવાની પ્રેરણા મળે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ડાયરેક્ટ ❤ સે

ખરાબ માટે નથી બનવું, પણ એટલું કહી દઉં છું, જગતમાં સારા બનવામાં બહુ તકલીફ પડી છે...

### જન્મદિને વધામણી



વિદ્યાબેન પારેખ
મો. ૯૯૨૪૧ ૮૫૭૭૬



કરણકુમાર જગદીશભાઈ શ્રીમાળી
મો. ૮૧૬૦૫ ૭૫૯૮૨



મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



પરમાર દિવ્યાંશી રિન્કેશકુમાર




પરમ ઉર્મિત પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## આર.એન. લલિતકલા એકેડમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૨૦ યોજાયો




ગાંધીનગર, તા.૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાના શેઠ ખીમજી વિશરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ મુજબ દિપ પ્રાગટ્ય કરી અને આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થાના આચાર્યા દિનાબેન ડોડીયાએ મહેમાનો, વાલીઓનું સ્વાગત કર્યુંહતું. તેમજ આવકારી સંસ્થાની ૨૦૦૧ થી ૨૦૨૦ સુધીમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ ટૂંકમાં રજૂ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ કલાના કલાગુરુઓ તથા કોચ દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. ૧ કથક મિતિ ભટ્ટ, ૨. ભરટ નાટ્યમ્ શકુંતલાબેન ઓઝા, ૩. વેસ્ટર્ન ડાન્સ, નિર્મલ ચૌધરી, ૪. સ્કેટીંગ વસીલ મનસુરી અને મનોજ પરમાર, ૫. કરાટે સુરેશ પરમાર અને મનીષ રાજભોઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૫ જેટલી કૃતિઓની સુંદર રીતે રજૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત વીણાબેન પટેલ, ડીન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન કડી સર્વ વિદ્યાલય, નીવાબેન પટેલ, પ્રિન્સિપાલ, જેબી પ્રાથમિક શાળા, નીરુબેન પટેલ,પ્રિન્સિપાલ, એમ.બી. પટેલ કન્યા શા, દશરથભાઈ કે પટેલ,પ્રિન્સિપાલ, આર.એન. પટેલ, સહ શિક્ષણ શાળા તેઓએ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ, મેડલ્સ અને મોમેન્ટો અર્પણ કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## આર સી પટેલ હાઈસ્કૂલમાં આનંદ મેળો યોજાયો



ગાંધીનગર, તા. ૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ ખાતે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનું આયોજન શિક્ષક મહેશભાઈ વિહોલ, તેજેન્દ્રભાઈ પટેલ અને આશિષભાઈ કર્યું હતું.

શાળાના વિદ્યાર્થીઓએ કુલ ૨૦ સ્ટોલ ઊભાં કર્યા હતા. જેમાં ખાણીપીણીના સ્ટોલ સૌથી વધુ હતા. આયોજન મુજબ શાળાના કંપાઉન્ડમાં આઈસ્ક્રીમ સ્ટોલથી સૌથી વધુ કમાણી થઈ હતી. રમતગમતના સ્ટોલે સૌથી વધુ આકર્ષણ જમાવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના પૈસાનું રોકાણ કરીને વેપારી સૂઝનો પરિચય કેળવ્યો હતો.

મોટાભાગના સ્ટોલમાં વિદ્યાર્થીઓએ નફો રળ્યો હતો. એ નફાને ગ્રુપમાં વહેંચીને આનંદ કર્યો હતો. સમગ્ર શાળા પરિવારે શિક્ષણથી મુક્ત થઈને નિર્દોષ આનંદ કર્યો હતો. આટલું સુંદર આયોજન બદલ આચાર્ય વિનોદભાઈએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.